॥ વેચાણ દસ્તાવેજ ॥

વેચાણ અવેજ રૂા. /-પુરાનો

વિક્રમ સંવત : ૨૦૭૯ ના ને, વાર : તારીખ : માહે : ,

સને : ૨૦૨૩ નાં અંગ્રેજી દિને...

આ વેચાણ દસ્તાવેજનો લેખ લખાવી લેનાર યાને ખરીદનાર યાને તમો પહેલા પક્ષના :

શ્રી

ઉ.આ.વ.: , ધંધો : , જાતના : હિન્દુ,

રહેવાસી :

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં " **તમો** અગર **તમોએ** અગર **વેચાણ લેનાર-ખરીદનાર** અગર **પહેલા પક્ષના** " એ રીતે સંબોધવામા આવેલ છે, જેના સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યા તેઓ જાતે પોતે તથા તેમના વખતો વખતના વંશ, વાલી, વારસો, સકસેસરો, સરવાઇવરો, અધિક્ત પ્રતિનીધી, ટ્રાન્સફરીઓ, એસાઇનીઓ, એકઝીક્યુટર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

જોગ લી...

આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપનાર યાને વેચનાર યાને હમો બીજા પક્ષના :

॥ ઓમ ઇન્ફ્રા ॥ નામની ભાગીદારી પેઢી **(PAN : AAIFO 1591 J)**

(કે જેનો રજીસ્ટ્રાર ઓફ ફર્મ કચેરી, સુરત ખાતે **રજીસ્ટર્ડ નં. જીયુજેએસઆર ૨૦૯૮૮૩ છે.**)

ના વતિ અને તરફે તેના અધિકૃત ભાગીદાર

શ્રી

ઉ. આ. વ. : , ધંધો : વેપાર,

રહેવાસી :

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં " **હમો** અગર **હમોએ** અગર **વેચાણ આપનાર** અગર **બીજા પક્ષના** " એ રીતે સંબોધવામા આવેલ છે, જેના સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યા તેઓ જાતે પોતે તથા તેમના વખતો વખતના વંશ, વાલી, વારસો, સકસેસરો, સરવાઇવરો, અધિક્ત પ્રતિનીધી, ટ્રાન્સફરીઓ, એસાઇનીઓ, એકઝીક્યુટર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

આપણે બન્ને પક્ષકારો વચ્ચે તારીખ : .... ના રોજ એલોટમેન્ટ લેટર તથા તારીખ : .... ના રોજ કબજા વગરના સાટાખત યાને વેચાણનો કરાર થયેલ છે જેની તમામ શરતોનુ આપણે બન્ને પક્ષકારો દ્વારા ચુસ્તપણે પાલન કરવામાં આવેલ છે અને તમામ શરતો બંને પક્ષકારો દ્વારા પુર્ણ કરવામાં આવેલ છે જેથી સદર કરારના ભાગરૂપે આજરોજ આ વેચાણ દસ્તાવેજ આપણે બંને પક્ષકારોએ નોંધાવનુ નકકી કરેલ છે.

જત હમો બીજા પક્ષનાઓ તમો પહેલા પક્ષનાને આજરોજ આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપી જણાવીએ છીએ કે :

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ પુણા તાલુકાના, **મોજે ગામ : સરથાણા**નાં રેવન્યુ સર્વે નંબર : ૮૦, ૮૦/૧ તથા ૮૧/3 કે જેનો **બ્લોક નંબર : ૭૯/અ** વાળી જમીન કે જેનુ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ **કુલ્લે ક્ષેત્રફળ હે.આરે ૧-૯૫-૦૭ ચો.મી.** કે જેને ટાઉન પ્લાનીગ સ્કીમ લાગુ પડતાં **ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા) નાં ફાયનલ પ્લોટ નંબર : ૬૩** ફાળવવામાં આવેલ, જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૧,૭૦૪ ચો.મી. છે તે પૈકી **સબ-પ્લોટ નંબર : ૧** કે જેનું ક્ષેત્રફળ ૩૨૭૬ ચો.વાર યાને ૨૭૩૯.૧૩ ચો.મી. છે તે બીનખેતી થયેલ જમીન મિલકતમાં મંજુર થયેલ પ્લાન મુજબ આયોજીત **॥ ઇડન એરકોન ॥** ના નામથી રહેણાંક હેતુ માટેની હાઇ-રાઇઝ બિલ્ડીગો પૈકી **બિલ્ડીગ નંબર : ॥ ॥** માં .... **માળ** ઉપર આવેલ **ફલેટ નંબર : ....** વાળી મીલકત (કે જેને આ વેચાણ દસ્તાવેજના લેખમાં હવે પછી "**સદરહું મિલકત**" તરીકે વર્ણવેલ છે, જેનું વિગતે વિસ્તારથી વર્ણન નીચે શિડયુલમાં દર્શાવેલ છે.) તે મિલકત હમો બીજા પક્ષનાની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળ ચાલી આવેલ છે અને જે અંગે હમો બીજા પક્ષનાને હરકોઇ પ્રકારની વહીવટ, વ્યવસ્થા, સંચાલન, વેચાણ, નિકાલ કરવાનો સંપુર્ણ હકક અને અધિકાર છે, તેવા હકક અને અધિકારની રૂએ સદરહુ મિલકત હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને વેચાણથી આપેલ છે. અને તમો પહેલા પક્ષનાએ ખરીદ કરેલ છે.

સદરહુ મિલકતના ટાઇટલ તદ્દન ચોખ્ખા અને માર્કેટેબલ છે તેનો ઇતિહાસ એવો છે કે,

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ પુણા તાલુકાના, મોજે ગામ : સરથાણાના રેવન્યુ સર્વે નંબર : ૮૦, ૮૦/૧, ૮૧/3 થી નોંધાયેલી જમીન નારણભાઇ રાણાભાઇ, લવજીભાઇ

વાલાભાઇ તથા પરશોત્તમભાઇ રવજીભાઇની માલીકી, કબજા ભોગવટા, વહીવટ હેઠળની ચાલી આવેલ.

ત્યારબાદ મોજે ગામ : સરથાણામાં એકત્રીકરણ યોજના લાગુ પડતા મહે. સેટલમેન્ટ કમીશ્નર સાહેબ અને જમીન રેકર્ડ નિયામક અમદાવાદનાં હુકમ અનુસાર સરથાણા ગામની સદર રેવન્યુ સર્વે નંબર : ૮૦,૮૦/૧,૮૧/૩ વાળી જમીનને બ્લોક નંબર : ૭૯ ફાળવવામાં આવેલ, જે અંગેની નોધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૩૫ થી તારીખ : ૦૮/૦૪/૧૯૭૬ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલીકો પૈકી લવજીભાઇ વાલાભાઇએ તેમની હયાતીમાં ધરમશીભાઇ લવજીભાઇ તથા મનજીભાઇ લવજીભાઇના નામો સામાયિકપણામાં સહમાલીક તરીકે દાખલ કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૪૩૨ થી તારીખ : ૦૪/૦૧/૧૯૮૦ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલીકો પૈકી નારણભાઇ રાણાભાઇએ તેમની હયાતીમાં છગનભાઇ નારણભાઇ તથા પ્રવિણભાઇ નારણભાઇના નામો સામાયિકપણામાં સહમાલીક તરીકે દાખલ કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૫૨૫ થી તારીખ : ૨૧/૦૭/૧૯૮૪ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલીકો પૈકી પરસોત્તમભાઇ હરજીભાઇએ તેમની હયાતીમાં જયેશભાઇ પરસોત્તમભાઇનું નામ સામાયિકપણામાં સહમાલીક તરીકે દાખલ કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૫૨૯ થી તારીખ : ૨૧/૦૭/૧૯૮૪ નાં રોજ કરવામાં આવેલ અને જે નોધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું મોજે ગામ : સરથાણામાં મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નંબર : (જે) બખ/ તપસ/વશી/૪૮૯૭/૦૬ થી તારીખ : ૧૯/૧૦/૨૦૦૬માં જણાવ્યા મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા નંબર : કેવી/૨૬/૦૬/એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી થી તારીખ : ૨૦/૦૭/૨૦૦૬ તથા જાહેરનામા નંબર : કેવી/૨૧૨/એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી થી તારીખ :

૨૦/૦૭/૨૦૦૬ થી સુરત મહાનગરપાલીકાની હદનુ વિસ્તરણ થવાથી કામરેજ તાલુકાના સરથાણા ગામનો સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૨૭૫૭ તથા ૨૭૫૮ થી તારીખ : ૧૧/૦૧/૨૦૦૭ ના રોજ કરવામાં આવેલ અન જે નોંધ પ્રમાણીત થયેલ. તેમજ વહીવટી સરળતા ખાતર સીટી તાલુકાનુ વિભાજન થતા સીટી તાલુકાના ગામોને જુદા જુદા તાલુકામાં સમાવેશ કરવામાં આવેલ અને તે મુજબ સીટી તાલુકાના મોજે ગામ સરથાણાનો શહેર સુરતના પુણા તાલુકામાં સમાવેશ કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું જમીનમાં બ્લોક વિભાજન અંગે નાયબ કલેકટર સાહેબશ્રી, ચોર્યાસી પ્રાંત, સુરતનાને અરજી કરતા તેમના હુકમ ક્રમાંક : ઇએસટી/બવજ/સરથાણા/ વશી.૯૫૩૬/૦૮/રજી.નં.૬૫/૦૮, સેતુ૩૧/૦૯ થી તારીખ : ૦૪/૦૯/૨૦૦૯ના રોજના હુકમથી બ્લોક વિભાજન અંગેની પરવાનગી આપેલ અને જે મુજબ કુલ્લે જમીન પૈકી દક્ષિણ દિશા તરફની હે.આરે.૧-૧૮-૯૦ ચો.મી જમીન નારણભાઇ રાણાભાઇ, છગનભાઇ નારણભાઇ તથા પ્રવિણભાઇ નારણભાઇના હિસ્સે આવેલ તથા પશ્ચિમ દિશા તરફની હે.આરે.૧-૯૫-૦૭ ચો.મી જમીન લવજીભાઇ વાલાભાઇ, ધરમશીભાઇ લવજીભાઇ તથા મનજીભાઇ લવજીભાઇના હિસ્સે આવેલ તથા પૂર્વ દિશા તરફની હે.આરે.૨-૩૭-૮૦ ચો.મી જમીન પરસોત્તમભાઇ હરજીભાઇ તથા જયેશભાઇ પરસોત્તમભાઇના હિસ્સે આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૩૬૪૪ થી તારીખ : ૧૨/૧૦/૨૦૦૯ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૦૯/૦૨/૨૦૧૦ ના રોજ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ સદરહું જમીન અંગે બ્લોક વિભાજન માટે કે.જે.પી.દુરસ્તી અંગે જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર સુરતના હુકમ ક્રમાંક : કે.જે.પી.એસ.આર./૧૨૮/૦૯-૧૦ થી તારીખ : ૦૪/૦૮/૨૦૧૦ નાં રોજ પુરવણી પત્રક નંબર : ૨૬ થી કુલ્લે જમીનને બ્લોક વિભાજનની દુરસ્તી કરતા બ્લોક નંબર : ૭૯/અ વાળી ક્ષેત્રફળ હે.આરે.૧-૯૫-૦૭ ચો.મી જમીન લવજીભાઇ વાલાભાઇ, ધરમશીભાઇ લવજીભાઇ તથા મનજીભાઇ લવજીભાઇનાં હિસ્સે તથા બ્લોક નંબર : ૭૯/બ વાળી ક્ષેત્રફળ હે.આરે.૨-૩૭-૮૦ ચો.મી જમીન પરસોત્તમભાઇ હરજીભાઇ તથા જયેશભાઇ પરસોત્તમભાઇનાં હિસ્સે આવેલ, તથા બ્લોક નંબર : ૭૯/ક વાળી ક્ષેત્રફળ હે.આરે.૧-૧૮-૯૦ ચો.મી જમીન નારણભાઇ રાણાભાઇ, છગનભાઇ નારણભાઇ તથા પ્રવિણભાઇ નારણભાઇનાં હિસ્સે આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૪૧૯૮ થી તારીખ :

૧૦/૦૮/૨૦૧૦ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૨૩/૦૩/૨૦૧૧ ના રોજ પ્રમાણિત થયેલ.

ત્યારબાદ મોજે : સરથાણા ગામના બ્લોક નં. ૭૯/અ વાળી જમીન કે જેનુ ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ હે.આરે.૧-૯૫-૦૭ ચો.મી. છે તે જમીનને ટી.પી.સ્કીમ નં. ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા) લાગુ પડતા ફાયનલ પ્લોટ નંબર : ૬૩ ફાળવવામાં આવેલ, જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૧,૭૦૪ ચો.મી. નકકી કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું બ્લોક નં. ૭૯/અ વાળી જમીનના માલીકો પૈકી લવજીભાઇ વાલાભાઇનું તારીખ : ૨૧/૦૧/૨૦૧૨ ના રોજ અવસાન થતાં, તેમના કાયદેસર સીધીલીટીના વારસદાર તરીકે ગોમતીબેન લવજીભાઇ ડાંખરા, ધરમશીભાઇ લવજીભાઇ, મનજીભાઇ લવજીભાઇ, જમનાબેન લવજીભાઇ ડાંખરા, સવિતાબેન લવજીભાઇ ડાંખરા તથા વસંતબેન લવજીભાઇ ડાંખરાઓના પૈકી ધરમશીભાઇ લવજીભાઇ તથા મનજીભાઇ લવજીભાઇઓના નામો અગાઉથી રેવન્યુ રકર્ડે ચાલી આવેલ હોવાથી બાકીના વારસદારોના નામો વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૬૫૭૭ થી તારીખ : ૧૮/૦૨/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૩૦/૦૪/૨૦૨૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનના માલિકોએ સદરહુ જમીન અંગે બીનખેતીની પરવાનગી માટે ઓનલાઇન સિસ્ટમ મુજબ કલેકટર સાહેબશ્રી, સુરતનાને કરતાં, તેમના હુકમ નંબર : ૧૬૯૪/૨૨/૧૮/૦૬૫/૨૦૨૨ થી તારીખ : ૨૦/૦૮/૨૦૨૨ ના રોજ સદરહું બ્લોક નંબર : ૭૯/અ, ટી.પી.સ્કીમ નંબર : ૮૫ (સરથાણા - પાસોદરા -લસકાણા), ફાયનલ પ્લોટ નંબર : ૬૩ વાળી ક્ષેત્રફળ ૧૧,૭૦૪.૦૦ ચો.મી. વાળી જમીનને બીનખેતીની પરવાનગી આપવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૬૬૬૯ થી તારીખ : ૨૦/૦૮/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૦૫/૦૯/૨૦૨૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીન માલિકો પૈકી ગોમતીબેન લવજીભાઇ ડાંખરા, જમનાબેન લવજીભાઇ ડાંખરા, સવિતાબેન લવજીભાઇ ડાંખરા તથા વંસતબેન લવજીભાઇ ડાંખરાએ હકક કમીના લેખના આધારે પોતાનો હકક-હિસ્સો ધરમશીભાઇ લવજીભાઇ તથા મનજીભાઇ લવજીભાઇની તરફેણમાં જતો કરેલ. જે અંગેના હક જતો કરવાનો લેખ

મહે. સુરતનાં સબ-રજીસ્ટ્રાર (નવાગામ) સાહેબશ્રીની કચેરીમાં અનુક્રમ નંબર : ૧૩૨૦૬ થી તારીખ : ૧૬/૦૯/૨૦૨૨ નાં રોજ નોંધાયેલ, જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૬૬૯૩ થી તારીખ : ૨૯/૦૯/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૧૭/૧૨/૨૦૨૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

આમ, મોજે ગામ : સરથાણાનાં રેવન્યુ સર્વે નંબર : ૮૦, ૮૦/૧ તથા ૮૧/૩ કે જેનો બ્લોક નંબર : ૭૯/અ વાળી જમીન કે જેનુ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ કુલ્લે ક્ષેત્રફળ હે.આરે ૧-૯૫-૦૭ ચો.મી. કે જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ લાગુ પડતાં ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા), ફાયનલ પ્લોટ નંબર : ૬૩ ફાળવવામાં આવેલ, જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૧,૭૦૪ ચો.મી. છે તે બિનખેતી (બહુહેતુક ઉપયોગ)ની ખુલ્લી જમીન મિલકત ધરમશીભાઇ લવજીભાઇ તથા મનજીભાઇ લવજીભાઇની માલીકી, કબજા, ભોગવટા હેઠળ ચાલી આવેલ.

આમ, **મોજે ગામ : સરથાણા**નાં રેવન્યુ સર્વે નંબર : ૮૦, ૮૦/૧ તથા ૮૧/૩, **બ્લોક નંબર : ૭૯/અ** વાળી જમીન કે જેનુ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ **કુલ્લે ક્ષેત્રફળ હે.આરે ૧-૯૫-૦૭ ચો.મી.** છે અને જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ લાગુ પડતાં **ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા)** માં **ફાયનલ પ્લોટ નંબર : ૬૩** ફાળવવામાં આવેલ, જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૧,૭૦૪ ચો.મી. છે તે પૈકી ઉત્તર દિશા તરફની પશ્ચિમ છેડા તરફ ટી.પી. રસ્તા તરફની (કે જે પ્રપોઝ સબ-પ્લોટ નંબર : ૦૧ તરીકે ઓળખાય છે) વાળી બીનખેતી થયેલ જમીન કે જેનું ક્ષેત્રફળ ૩૨૭૬ ચો.વાર યાને ૨૭૩૯.૧૩ ચો.મી. છે તે જમીન, જમીન માલીક ધરમશીભાઇ લવજીભાઇ તથા મનજીભાઇ લવજીભાઇ પાસેથી હમો બીજા પક્ષનાઓએ યાને **॥ ઓમ ઇન્ફ્રા ॥** નામની ભાગીદારી પેઢી (કે જેનો રજીસ્ટ્રાર ઓફ ફર્મ કચેરી, સુરત ખાતે **રજીસ્ટર્ડ નં. જીયુજેએસઆર ૨૦૯૮૮૩** છે.) એ વેચાણ રાખેલ, અને જે અંગેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ રજીસ્ટ્રાર (નવાગામ) સાહેબની કચેરીએ અનુક્રમ નંબર : ૨૯ થી તારીખ : ૦૨/૦૧/૨૦૨૩ ના રોજ નોધાયેલ. અને જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે અનુક્રમે નોંધ નંબર : ૬૭૩૬ થી તારીખ : ૦૫/૦૧/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ અને જે નોંધ તારીખ : ૧૩/૦૨/૨૦૨૩ ના રોજ પ્રમાણીત થયેલ. અને એ રીતે હમો બીજા પક્ષના યાને **॥ ઓમ ઇન્ફ્રા ॥** ના નામની ભાગીદારી પેઢી માલિક, મુખત્યાર, કબજેદાર થયેલા અને ચાલી આવેલા **અને હમો બીજા પક્ષનાઓ દ્વારા સદરહુ જમીન ઉપર રહેણાંકના હેતુ માટે ફલેટો બનાવેલ છે.**

ત્યારબાદ **મોજે ગામ : સરથાણા**નાં રેવન્યુ સર્વે નંબર : ૮૦, ૮૦/૧ તથા ૮૧/૩, **બ્લોક નંબર : ૭૯/અ** વાળી જમીન કે જેનુ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ **કુલ્લે ક્ષેત્રફળ હે.આરે ૧-૯૫-૦૭ ચો.મી.** કે જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ લાગુ પડતાં **ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા) નાં ફાયનલ પ્લોટ નંબર : ૬૩** ફાળવવામાં આવેલ, જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૧,૭૦૪ ચો.મી. છે તે બીનખેતી થયેલી કુલ્લે જમીન અંગે સુરત મહાનગર પાલીકા દ્વારા તેમના હુકમ ક્રમાંક : ૦૦૨LD૨૨૨૩૦૬૨૮, તારીખ : ૦૩/૦૪/૨૦૨૩ ના રોજથી ૩ સબ પ્લોટ / ડિવીઝન પ્લાન મંજુર કરવામાં આવેલ છે, અને એ રીતે કુલ્લે જમીન પૈકી ઉત્તર દિશા તરફની પશ્ચિમ છેડા તરફ ટી.પી. રસ્તા તરફની કે જે પ્રપોઝ સબ-પ્લોટ નંબર : ૦૧ તરીકે ઓળખાતી હતી અને જેનું ક્ષેત્રફળ ૩૨૭૬ ચો.વાર યાને ૨૭૩૯.૧૩ ચો.મી. હતુ તે હમો બીજા પક્ષનાઓની માલીકીની જમીન સબ ડિવીઝન અંગેના મંજુર થયેલ પ્લાન મુજબ **સબ પ્લોટ નંબર : ૧,** ક્ષેત્રફળ **૨૭૩૯.૧૩ ચો.મી.** બનેલ છે.

ત્યારબાદ સદરહું જમીનને ડેવલોપ કરવા માટે જરૂરી નકશાઓ તૈયાર કરી વિકાસ પરવાનગી મેળવવા સુરત મહાનગર પાલિકાનાં સમક્ષ મંજુરી માટે રજુ કરતાં જેના અનુસંધાને તેમનાં હુકમ નંબર : ટીડીઓ/ડીપી./ નં. ૦૧૩ તારીખ : ૦૬/૦૪/૨૦૨૩ નાં રોજ સદરહુ જમીન ઉપર રહેણાંકના હેતુ માટે અંગેનો પ્લાન મંજુર કરી બાંધકામ કરવા અંગેની ડેવલોપમેન્ટ પરમીશન / રજાચિઠ્ઠી આપવામાં આવેલ.

॥ ઓમ ઇન્ફ્રા ॥ નામની ભાગીદારી પેઢી ઇન્ટકમ ટેક્ષ દફતરે પરમેનન્ટ એકાઉન્ટ PAN : AAIFO 1591 J થી નોંધાયેલ છે, આ ઉપરાંત સદર પ્રોજેકટ હમો બીજા પક્ષનાઓ દ્વારા ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ - રેરા) ના જનરલ રૂલ્સ-૨૦૧૬ મુજબ રેરા રજીસ્ટ્રેશન નંબર : .... થી નોંધણી કરાવવામાં આવેલ છે, તેમજ સદરહુ પ્રોજેકટ અંગે એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયા દ્વારા તેમના તારીખ : .... ના રોજથી એનઓસી આઇડી : .... થી નો ઓબ્જેકશન સર્ટીફીકેટ ફોર હાઇટ કલીયરન્સ આપવામાં આવેલ છે.

આમ, **મોજે ગામ : સરથાણા**નાં રેવન્યુ સર્વે નંબર : ૮૦, ૮૦/૧ તથા ૮૧/૩, **બ્લોક નંબર : ૭૯/અ** વાળી જમીન કે જેનુ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ **કુલ્લે ક્ષેત્રફળ હે.આરે ૧-૯૫-૦૭ ચો.મી.** કે જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ લાગુ પડતાં **ટી.પી. સ્કીમ નંબર**

: ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા) નાં ફાયનલ પ્લોટ નંબર : ૬૩ ફાળવવામાં આવેલ, જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૧,૭૦૪ ચો.મી. છે તે પૈકી **સબ-પ્લોટ નંબર : ૧** કે જેનું ક્ષેત્રફળ ૩૨૭૬ ચો.વાર યાને ૨૭૩૯.૧૩ ચો.મી. છે તે બીનખેતી થયેલ જમીન મિલકતમાં મંજુર થયેલ પ્લાન મુજબ આયોજીત **॥ ઇડન એરકોન ॥** ના નામથી રહેણાંક હેતુ માટેની હાઇ-રાઇઝ બિલ્ડીગો પૈકી **બિલ્ડીગ નંબર : ॥ ॥** માં .... **માળ** ઉપર આવેલ **ફ્લેટ નંબર : ....** વાળી મીલકત હમો બીજા પક્ષનાની માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળ ચાલી આવેલ અને સદરહુ મિલકત હમો બીજા પક્ષના પાસેથી તમો પહેલા પક્ષનાઓએ વેચાણથી રાખવા માંગણી કરેલ, અને જે હમો બીજા પક્ષનાઓએ તમો પહેલા પક્ષનાઓને નીચે મુજબના કિંમતી અવેજ બદલ વેચાણથી આપેલ હોય, જેનો આ વેચાણ દસ્તાવેજ આજરોજ હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાની તરફેણમાં કરી આપીએ છીએ.

આ નીચે શિડયુલમાં જણાવેલ તમો પહેલા પક્ષનાએ, હમો બીજા પક્ષનાઓ દ્વારા આયોજીત **॥ ઇડન એરકોન ॥** બિલ્ડીગ ના .... માળ ઉપર આવેલ **ફ્લેટ નંબર : ....** થી નોંધવામાં આવેલ મિલકત, કે જેનું કારપેટ એરીયા મુજબનુ ક્ષેત્રફળ .... ચો.મી. છે (કારપેટ એરીયા એટલે કે ઇમારતની બહારની દિવાલો, સર્વિસ સાઇટ, પેસેજ, દાદર એરીયા, લીફ્ટ એરીયાનું ક્ષેત્રફળ બાદ કર્યા પછીનો ઇમારતનો ચોખ્ખો વપરાશપાત્ર વિસ્તાર,) તેમજ બાકીનો એરીયા યાને વોશ એરીયા-------ચો.મી., બાલ્કની એરીયા -----ચો.મી. છે (મિલકતનું કુલ્લે બિલ્ટઅપ એરીયા ક્ષેત્રફળ સુમારે .... ચો.મી. છે) તે મિલકત હમો બીજા પક્ષના પાસેથી તમો પહેલા પક્ષનાએ વેચાણ રાખવાનુ નકકી કરેલ છે, જેની એકંદરે કુલ કિંમત રૂા. .... અંકે રૂપિયા .... પુરા નકકી કરેલ હતા સદર નકકી કરેલ વેચાણ અવેજની રકમ તમો પહેલા પક્ષનાએ, હમો બીજા પક્ષનાને આજદિન સુધીમાં નીચે મુજબની વિગતેથી ચુકવી આપેલ છે.

: નાણા મળ્યાની વિગત :

ક્રમ	વિગત (રોકડા / બેન્ક)	ચેક / ટ્રાન્સફર	તારીખ	રકમ રૂા.
૧.				
અંકે રૂપીયા		પુરા	રૂા.	/-

અને આ રીતે ઉપર જણાવ્યા મુજબ, વેચાણ અવેજના નાણાં પુરેપુરા મળી ગયા બદલની આ થકી પણ હમો બીજા પક્ષના પાકી પહોંચ સ્વીકારીએ છીએ. જેથી ભવિષ્યમાં વેચાણ અવેજ ન મળ્યો કે ઓછા મળ્યાની કોઇપણ જાતની તર-તકરાર હમો બીજા પક્ષનાએ કરવા-કરાવવાની નથી અને જો કરીએ-કરાવીએ તો તે આ લેખથી રદબાતલ થાય સહી.

આ વેચાણ દસ્તાવેજના હમો બીજા પક્ષનાએ સદરહુ મિલકતનો કાયદેસરનો કબજો તમારા કાયદેસરના માલીકીપણામાં સુપ્રત કરી આપેલ છે જે તમો પહેલા પક્ષના માપ/ક્ષેત્રફળની ખાતરી કરી સ્વીકારેલ હોય, જેથી સદરહુ મિલકતમાં તમો પહેલા પક્ષના જાતે વસો, વસાવો, વપરાશ ઉપભોગ કરો-કરાવો, ગીરો, બક્ષીસ ઇત્યાદી રીતેથી હરકોઇ પ્રકારે વહીવટ વ્યવસ્થા, સંચાલન, કરવા આથી તમો પહેલા પક્ષના હકકદાર બનેલા છો અને તેવા તમારા કાર્યોમાં હમો બીજા પક્ષનાએ કે હમારા વંશ, વાલી, વારસોએ કોઇપણ પ્રકારની તર-તકરાર કરવા-કરાવવાની નથી સહી.

હમો વેચાણ આપનારે સદરહુ મિલકતમાં નકકી થયા મુજબ બાંધકામ કરી સદરહુ મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ રાખનારને સુપ્રત કરેલ છે, મજકુર મિલકત અંગે કોઇ પ્રકારની બાંધકામ કે તેને સંલગ્ન કોઇ કામગીરી બાકી નથી, તેમજ મજકુર બાંધકામ અને તેની સંલગ્ન તમામ કામગીરી બાબતે તમો વેચાણ રાખનારને સંપુર્ણ સંતોષ થયેલ છે અને તે તમામ તમોએ જાતે તથા તે બાબતોના નિષ્ણાંત જાણકારી ધરાવનાર પાસે તપાસ કરી/કરાવી લઇને સદરહુ મિલકતનો કબજો પણ મેળવી લીધેલ છે, નકકી થયા મુજબની તમામ કામગીરી તમામ પ્રકારે સંપુર્ણ રીતે પરીપુર્ણ થયેલી છે. તેમજ બાંધકામ તથા વપરાશમાં લેવામાં આવેલ તમામ માલ-સામાન, સામગ્રી, ફીટીંગ્સ, ફિકસચર્સ વિગેરે યોગ્ય ગુણવતા વાળા છે અને તે બાબતે સંપુર્ણ રીતે સંતોષકારક માલુમ પડેલ છે. અને તે બાબતે તમોને કોઇપણ પ્રકારની ફરીયાદ તકરાર નથી, સદરહુ મિલકત અંગેનુ કમ્પ્લીશન સર્ટીફીકેટ / બીયુસી આવ્યેથી ૫ વર્ષ સુધી આર.સી.સી. સ્ટ્રકચરલની ખામી થયેલ હોય તો તે અંગેની લેખિત જાણ હમો બીજા પક્ષનાને કર્યેથી હમો બીજા પક્ષનાઓ પોતાના ખર્ચે કરાવી આપીશું, પરંતુ સદરહુ મિલકતમાં તમો પહેલા પક્ષના અંદરથી કે બહારથી બાંધકામને લગતો કોઇપણ ફેરફાર કરવા-કરાવવાનો નથી તેમજ ટોઇલેટ કે બાથરૂમમાં એસીડ કે ફલોરીંગ સફાઇ કેમીકલ વાપરવા નહી અને જો વાપરવાથી પાણી કે અન્ય લીકેજની તકલીફ ઉભી થાય તો તે અંગેની સંપુર્ણ જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે. તેમજ એસી કે અન્ય કોઇપણ

પ્રકારના આર.સી.સી. કામ, બીમ / કોલમ / સ્લેબ / દિવાલ / પીલર / ફ્લોરીંગ / આર.સી.સી. પરદી, દાદર અને કોમન પેસેજમાં તોડફોડ, સળીયા કટીંગ કે હોલ કટીંગ, કોર કટીંગ કરાવવા નહી અને તેમાં કોઇપણ પ્રકારની સ્ટ્રકચરલ ખામી ઉદભવે કે બાંધકામની ગુણવતામાં કોઇપણ ખામી ઉદ્‌ભવે તેવા કોઇ કુત્યો તમો પહેલા પક્ષનાએ કરવા-કરાવવાના નથી. તેવા કોઇપણ મોટા ફેરફાર કરવા પડે તો બીજા પક્ષનાની યા સોસાયટીની તથા સદરહું પ્રોજેકટના સ્ટ્રકચરલ એન્જીનીયરની લેખીત પરવાનગીથી કરવાના રહેશે, અને જો તેમ કરવામાં પહેલા પક્ષના કસુર કરે તો તે અંગેની તમામ નુકશાની પહેલા પક્ષનાએ ભોગવવાની છે સહી, અને તે અંગેની તમામ જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે સહી અને હમો બીજા પક્ષનાઓ તથા પ્રોજેકટના સ્ટ્રકચરલ એન્જીનીયરની લેખીત પરવાનગી વિના તમો પહેલા પક્ષનાઓ દ્વારા કે અન્ય ફ્લેટ હોલ્ડરો દ્વારા તેવા કોઇ કારણે જો બિલ્ડીગના સ્ટ્રકચર, બાંધકામમાં ખામી ઉત્પન્ન થાય તો તેમા હમો બીજા પક્ષનાઓની કોઇ જવાબદારી રહેશે નહી.

સદરહું પ્રોજેકટ **॥ ઇડન એરકોન ॥** માં આવેલ નીચે પરિશિષ્ટ-૧ તથા પરિશિષ્ટ-૨ માં બતાવવામાં આવેલ સદરહું મિલકત, હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત, કે જે જમીન ઉપર આવેલ છે તે જમીનની ૭/૧૨ ની નકલ, તમામ ફેરફાર નોંધોની નકલ, રજાચીઠી, મંજુર થયેલા પ્લાનની નકલ, લે-આઉટ પ્લાન તથા ડીઝાઇનની નકલ તથા તમામ સ્પેસીફીકેશનની વિગતો તથા ટાઇટલને લગતા અન્ય પુરાવાઓ તથા બીનખેતીના હુકમની જરૂરી નકલોની માસ્ટર ફાઇલ તથા રીયલ એસ્ટેટ (નિયમનો અને વિકાસ) અધિનિયમ ૨૦૧૬ અને નીચેના નિયમો અને નિયમનોમા જણાવ્યા મુજબના અન્ય સબંધીત દસ્તાવેજોનું, તૈયાર થયેલ બાંધકામ, ફીટીંગ્સ, તથા તેના સ્ટ્રકચર, સ્પેસીફીકેશનનું નિરીક્ષણ તમો પહેલા પક્ષના દ્વારા જાતે તથા તેના નિષ્ણાંતો પાસે કરેલ/કરાવેલ છે, તેમજ સદરહું મિલકતનું બાંધકામ તેમજ તેની ગુણવત્તા, તથા આપેલ સુવિધાઓ, વિગેરે તમોએ જોઇ તપાસી, ખાત્રી કરી લીધેલ છે.

સદરહું મિલકત હમો બીજા પક્ષનાએ અન્ય કોઇને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઇ રીતે તબદીલ કરી-કરાવી આપેલ નથી. સદરહું મિલકત ઉપર કોઇપણ વ્યકિતનો ખાધા-ખોરાકીનો હકક, અધિકાર કે દરદાવો નથી, તેમજ તેના ઉપર અન્ય કોઇપણ જાતના ઇઝમેન્ટના હકક, અધિકાર નથી, સદરહું મિકલત કોઇને જામીન તરીકે જમીનગીરીમાં લખી આપેલ નથી, કે સદરહું મિલકત ઉપર કોઇપણ અદાલતની

ટાંચમાં, કે જપ્તીમાં નથી અને તે અંગેની કોઇપણ કાર્યવાહી હાલ ચાલુ નથી, સદરહું મિલકત કોઇપણ પ્રકારનાં સંપાદન હેઠળ, તેમજ તે અંગેની કોઇ નોટીસ પણ આજદિન સુધી મળેલ નથી. સદરહું મિલકત હમોએ ગીરોમાં કે બોજામાં મુકેલ નથી, તેમજ અન્ય કોઇપણ પ્રકારે તેના ઉપર નાંણાકીય બોજો ઉત્પન્ન કરેલ નથી, તેમજ તે અંગેના કોઇ લેખ/લેખો પણ કરેલ નથી. તેમજ સદરહું મિલકત તદન નબોજી, નકરજી, નજોખમી ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ્સવાળી છે અને તેવી હરકોઇ ખાતરી તમોને કરાવી આપેલ છે અને તે તમામ તમો પહેલા પક્ષનાએ કબુલ મંજુર રાખીને મજકુર મિલકત વેચાણ રાખેલ છે, તેમજ મજકુર મિલકત અંગેના જુના દસ્તાવેજો, રેવન્યુ ફેરફાર નોંધો, પરવાનગીઓ, બાંધકામ પ્લાન, રજાચીઠ્ઠી, તેમજ અન્ય તમામ સાહિત્યની નકલો તમોને સુપ્રત કરી આપેલ હોય, હવે પછીથી તેવા કોઇ ટાઇટલ્સ અંગેના દસ્તાવેજો, સાહિત્ય અંગેની માંગણી કે તર-તકરાર તમો પહેલા પક્ષનાએ કરવા-કરાવવાની નથી અને તેનો તમો પહેલા પક્ષનાએ સ્વીકાર કરેલ છે.

સદરહું મિલકતવાળા બિલ્ડીગના બાંધકામનુ બી.યુ.સી. પરવાનગી મળ્યા બાદ સદરહું મિલકતવાળા બિલ્ડીગનાં એફ.એસ.આઇ., વધારાની એફ.એસ.આઇ. તથા ટેરેસનાં હકકો બીજા પક્ષકારનાં રહેશે નહિ. અને આ તમામ હકકો સર્વિસ સોસાયટી નાં (સ્સસદ્રયાઅતાદ્રન દ્રફ સ્લલદ્રતતઇઇ) રહેશે.

સદરહુ મિલકતનો ઉપયોગ તમોએ ફકત જે હેતુ માટે વેચાણથી આપેલ છે તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે, યાને કે રહેણાંકના ફ્લેટ વેચાણથી આપેલ હોય તેમણે માત્ર રહેણાંકના હેતુ માટે જ સદર મિલકતનો ઉપયોગ કરવાનો રહેશે. સદરહુ મિલકતમાં એવા કોઇપણ પ્રકારના માલસામાન કે જે વિસ્ફોટક હોય, હાનિકારક હોય, પર્યાવરણને નુકશાનકારક હોય, વધુ વજનદાર હોય કે જેનાથી ધ્રુજારી ઉત્પન્ન થાય અને બિલ્ડીગના સ્ટ્રકચરને નુકશાન કરે યા તો સોસાયટી / સર્વિસ સોસાયટી દ્વારા પ્રતિબંધીત હોય કે કરવામાં આવે તેવી કોઇપણ પ્રકારની મશીનરીનો ઉપયોગ કરવાનો નથી સદરહુ બિલ્ડીગમાં જે કોમન પેસેજ આવેલ છે તે પેસેજો ખાલી રાખવાના રહેશે તેમજ પેસેજમાં કોઇપણ હોલ્ડર્સે કોઇપણ પ્રકારની વસ્તુઓ મુકવાની નથી.

કુદરતી આપત્તિઓ જેવી કે ધરતીકંપ, નદી કે વરસાદના પુર, આગ, વાવાઝોડુ, વગેરે તથા માનવસર્જિત આપત્તિઓ જેવી કે રમખાણો, તોફાનો, યુધ્ધ, આગજની, બાંધકામમાં સુધારો-વધારો-ફેરફાર કરવા માટે કરવામાં આવતી તોડફોડ વિગેરેને

નિયંત્રિક કે અનિયંત્રિક કોઇપણ કારણોસર ઇમારત, મિલકત, બાંધકામ, જીવંત વ્યકિત, ચીજ વસ્તુઓ વિગેરેને નુકશાન થાય, ઇજા-મુત્યુ થાય, નાશ પામે, તો તે અંગે હમો બીજા પક્ષનાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇપણ રીતે કોઇપણ પ્રકારની આર્થિક ટેકનીકલ, કાયદાકીય જવાબદારી રહેશે નહી, જે અંગે તમો પહેલા પક્ષનાએ સ્પષ્ટ સ્વીકાર કરીને કબુલ મંજુર રાખેલ છે સહી.

સદરહુ પરીયોજનાની બિલ્ડીગમાંના તમામ હોલ્ડરોનો બિલ્ડીગમાંની તળની જમીનમાં વણવહેચાયેલ હિસ્સો ચાલી આવેલ છે તેમજ મિલકત જે ઇમારતમાં આવેલ છે તે ઇમારતમાં મુકવામાં આવેલ સહીયારી સગવડો, જેવી કે એન્ટ્રાન્સ, રીસેપ્શન એરીયા, વેઇટીંગ એરીયા, દાદર, કોમન પેસેજ, પાર્કીંગ, સીકયુરીટી કેબીન, કોમન ઇલેકટ્રીકલ ઇન્સ્ટ્રુમેન્ટસ તથા ઇલેકટ્રીકટ કનેકશનો તથા મીટરો, લીફ્ટસ, ફાયર સેફ્ટીના ઇન્સ્ટ્રુમેન્ટસ, ડ્રેનેજ લાઇનો, પાણીની લાઇનો, ઓવરહેડ તથા અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીઓ, જનરેટર, બિલ્ડીગ આઉટલુક એલીવેશન, ગ્લાસ એલીવેશન અને કમ્પોઝીટ પેનલ, સુકા-ભીના કચરાની વ્યવસ્થા તેમજ સી.ઓ.પી., તથા કોમન ખુલ્લુ / કવર્ડ પાર્કીગની જગ્યા વિગેરે રાસુકી સગવડોના ઉપયોગ સહીયારો કરવાનો રહેશે અને તેનો તમામ પ્રકારનો નિભાવ તથા જાળવણી બાબતે જે ખર્ચ થાય તે પરીયોજનાના તમામ હોલ્ડરોની સાથે તમો પહેલા પક્ષનાએ તમારા ફાળે પડતો ભરવાનો રહેશે તેમજ તેવી રાસુકી સુવિધાઓનો વપરાશ-ઉપભોગ, સોસાયટી / કમીટી / એસોસીએશન, વખતો વખત નકકી કરે તે નિતીનિયમો અને શરતોને આધીન તમો પહેલા પક્ષનાએ અન્ય હોલ્ડરો/ વપરાશકારો/કબજેદારો સાથે રાસુકો કરવાનો રહેશે, તેના ખર્ચ તથા મેઇન્ટેનન્સ બાબતે મિલકતોના વપરાશનાં હેતુઓ બાબતે, મિલકતના ટ્રાન્સફર બાબતે, સીકયુરીટી બાબતે, કોમન પાર્કીંગ બાબતે, વખતો વખત જે કાંઇ નીતી-નિયમો, ઠરાવો, તેમજ બાયલોજ તૈયાર કરે, તેનું તમો પહેલા પક્ષનાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જયા સુધી તેવી સર્વીસ સોસાયટી બને નહી ત્યા સુધી તેવી સુવિધાઓ અંગેના તમારા ભાગે પડતા ખર્ચની રકમ હમો બીજા પક્ષનાને ચુકવવાની રહેશે અને જે તમો પહેલા પક્ષનાઓ પાસેથી મેળવી લેવાની રહેશે અને સોસાયટીની રચના થયેથી તે અંગેની જે બેલેન્સ જમા હોય તે સોસાયટીને સુપ્રત કરી આપવાની રહેશે.

મજકુર વેચાણ આપવા નકકી કરેલ મિલકત, સમગ્ર ઇમારતના એક હિસ્સો છે અને તે ઇમારતમાં આવેલ ફ્લેટસ/યુનિટસ વિગેરેની બધી બાજુ, આર.સી.સી. ફ્રેમ સ્ટ્રકચર દિવાલો/ સંયુકત/સહિયારી આવેલી હોવાથી, મજકુર મીલકતનો કબજો, તમો

પહેલા પક્ષનાને સુપ્રત કર્યા બાદ, તમો પહેલા પક્ષના, મજકુર મિલકત કે સમગ્ર ઇમારતના આર.સીસી. ફ્રેમ સ્ટ્રકચર, દિવાલો, ફલોરીંગ, વોટર-ડ્રેનેઝ લાઇન તેમજ ફીટીંગ્સ, ઇલેકટ્રીકલ લાઇનો, કેબલ વગેરેને નુકશાન થાય તે પ્રકારની કોઇપણ તોડ-ફોડ ફેરફાર, સુધારો- વધારો, હમો બીજા પક્ષના તથા હમારા પ્રોજેકટના આર્કીટેક તથા સ્ટ્રકચરની લેખીત પુર્વ મંજુરી વિના કરી/કરાવી શકશો નહી તદ્ઉપરાંત તમો પહેલા પક્ષના તેમજ અન્ય યુનિટ / ફલેટ હોલ્ડર્સ, સંયુકત કે સ્વતંત્ર રીતે મજકુર **॥ ઇડન એરકોન ॥** ની ઇમારતના કલર, એલીવેશનમાં કોઇપણ પ્રકારની ગ્રીલ-જાળી-છજુ વગેરે લગાવી શકશો નહી, પ્રિડીફાઇન સ્થળ સિવાય અન્ય કોઇપણ સ્થળ ઉપર વીંડો એસી યુનિટ અને/અગર સ્પ્લિટ એસી આઉટર યુનિટ લગાડી શકશો નહી, ડીશ એન્ટેના લગાડી શકશો નહી, કપડા સુકવવાની દોરી, વાયર, જાળી કે અન્ય કંઇપણ લગાડી શકશો નહી, મુકી શકશો નહી તે તમામ બાબતોની તમો પહેલા પક્ષનાએ સ્પષ્ટ રીતે સ્વીકાર કરીને તેને કબુલ મંજુર રાખેલ છે સહી.

સદરહું બિલ્ડીંગમાં આવેલ કોઇપણ યુનિટમાં ચાલતા ફર્નીચરનાં કામ દરમ્યાન કોઇપણ એજન્સીએ લીફટનો ઉપયોગ સોસાયટી નકકી કરે તે શરતોને આધીન અને તેમની સંમતીથી કરવાનો રહેશે, ફર્નીચર પોતાની મિલકતમાં જ કરવાનું રહેશે, તે સિવાય પેસેજમાં કે કોમન એરીયામાં કામ કરવાનું નથી, ફર્નીચર કામ ચાલુ કરાવતા પહેલા તમામ નળ, સીંક, ઇલેકટ્રીકસ સ્વીચ બોર્ડ, ફલોરીંગ તેમજ હાર્ડવેર મટીરીયલ જેવા કે લોક, સ્ટોપર, વિગેરેની જાળવણીની વ્યવસ્થા યોગ્ય રીતે કરવાની રહેશે, ફર્નિચરનુ કાર્ય ચાલુ કર્યા પછી થતા કોઇપણ નુકશાન અંગે પહેલા પક્ષનાઓ જવાબદાર રહેશે, તેમજ કોઇપણ જાતના માલ-સામાન ચડાવતા કે ઉતારતા કોમન પેસેજ કે દાદર કે અન્ય જગ્યાએ નુકશાન થાય તો તેનો રીપેરીંગ/કલરકામ, સફાઇ કરાવવાની જવાબદારી જે તે યુનિટ હોલ્ડર્સની રહેશે.

સદરહું મિલકત અંગેના તમામ સરકારી, અર્ધ સરકારી કચેરીઓનાં વેરા, ટેક્ષ, વેટ, મ્યુનિસીપલ વેરા, શિક્ષણ ઉપકર વિગેરે તમામ પ્રકારનાં વેરાઓ, ફાળાઓ, ચાર્જીસ, ભરપાઇ કરવામાં આવેલ છે, મજકુર મિલકત અંગેનાં હવે પછીના તમામ સરકારી વેરાઓ, મ્યુનિસીપલ વેરા, શિક્ષણ ઉપકર, બેટરમેન્ટ ચાર્જીસ, વગેરે તમામ પ્રકારનાં વેરાઓ, ફાળાઓ, ચાર્જીસ, તમો પહેલા પક્ષનાઓએ ભરપાઇ કરવાના રહેશે સહી તેમજ સદરહુ મિલકતની નકકી થયેલ વેચાણ અવેજની રકમમાં ઇલેકટ્રીક મીટર માટેના ગુજરાત વિદ્યુત બોર્ડના તમામ ચાર્જીસ (કેબલ ચાર્જીસ, મીટર ચાર્જીસ, ટ્રાન્સફોર્મર,

કોન્ટ્રાક્ટ અન્ય વિગેરે), ગુજરાત ગેસ કંપનીની ગેસ લાઇનના તમામ ચાર્જીસ (પાઇપલાઇન ચાર્જીસ, મીટર ચાર્જીસ), સુરત મહાનગપાલીકાનાં પાણીલાઇનના મીટરના તમામ ચાર્જીસ (પાઇપલાઇન ચાર્જીસ, મીટર ચાર્જીસ) સોસાયટીના મેઇન્ટેનન્સ, મેઇન્ટેઇન ચાર્જ, સોસાયટી ફોરમેશન ચાર્જ, લીગલ ડોકયુમેન્ટ, લીગલ ફાઇલ ચાર્જીસ, ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષ વિગેરેને સમાવેશ થતો નથી, જેના ખર્ચ / નાણા તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષના યાને વેચનારાઓને અલગથી ચુકવવાના રહેશે.

સદરહું મિલકત હાલ રેકર્ડ ઓફ રાઇટસ દફતરે, જી.ઇ.બી./ઇલે.કંપની દફતરે, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનનાં દફતરે, હમો બીજા પક્ષના યાને વેચાણ આપનારનાં નામે ચાલે છે, જેમાં તમો પહેલા પક્ષના તમારૂ નામ સદરહું મિલકતનાં માલિક, મુખત્યાર, ધણી અને કબજેદાર તરીકે દાખલ કરી-કરાવી શકો સહી, તેમજ તેવી વિધીમાં હમો બીજા પક્ષના યાને વેચાણ આપનારાની જયાં-જયાં સહી, સંમતી, હાજરી, કબુલાત વિગેરેની જરૂર જણાય ત્યાં-ત્યાં હમોએ સહી, સંમતી, હાજરી, કબુલાત વિગેરે વિના વિલંબે વિના તકરારે આપવાની રહેશે અગર આ દસ્તાવેજની રૂએ પણ હમો બીજા પક્ષનાની યાને વેચાણ આપનારની કબુલાત માની લઇ તમો સદરહું મિલકતનાં હરકોઇ યોગ્ય રેકર્ડમાં તમારૂ નામ દાખલ કરી-કરાવી શકો અને સદરહુ મિલકત અંગેના જે તે દફતરે હમો બીજા પક્ષનાનું નામ નામ કમી કરવી તમો પહેલા પક્ષનાનુ નામ દાખલ કરાવવા અંગે તમો પહેલા પક્ષના દ્વારા કસુર થયે ભવિષ્યમાં જે કાંઇ સરકારી અર્ધ સરકારી દંડ યા ભરણા યા બિલ ભરવાના આવે તો તેની જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે સહી.

મજકુર **॥ ઇડન એરકોન ॥** બાબતે એસોશીએશન કે સર્વિસ કો.ઓ સોસાયટીની રચના કરવાની રહેશે અને તેમાં તમો પહેલા પક્ષનાએ ફરજીયાત સભ્ય બનવાનું રહેશે અને મજકુર સોસાયટી કે એસોશીએશન જે કાંઇ ઇમારત તથા રાસુકી સગવડો, સુવિધાઓના વપરાશ તથા સમારકામ બાબતે, તેના ખર્ચ તથા મેઇન્ટેનન્સ બાબતે, મિલકતના વપરાશના હેતુઓ બાબતે, મિલકતના ટ્રાન્સફર બાબતે, સિકયુરીટી બાબતે, પાર્કિંગ બાબતે, વખતોવખત જે કાંઇ નીતી-નિયમો ઠરાવો તેમજ બાયલોઝ તૈયાર કરે તેનું તમો પહેલા પક્ષનાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેમજ હમો બીજા પક્ષનાઓ દ્વારા સદરહુ **॥ ઇડન એરકોન ॥** પ્રોજેકટ સંબધે ઇલેકટ્રીકટ કનેકશન, એરપોર્ટ ઓથોરીટી કલીયરન્સ, લીફટ સેફટી- લીફટ મેઇટેનન્સ, ફાયર સેફટી-મેઇટેનન્ટ, સુકા-ભીના કચરા નિકાલ, તેના મેઇટેનન્સ વિગેરે માટે જે કાઇ પરવાનગી જે

તે શરતોને આધિન મેળવવામાં આવેલ હોય, તેની તમામ શરતોનુ તમો પહેલા પક્ષનાઓએ સંપુર્ણપણે પાલન કરવાનુ રહેશે, અને જે તે એજન્સીનો કોન્ટ્રાકટ પુર્ણ થયે અગર પરવાનગી પુર્ણ થયેથી, સ્વ-ખર્ચે તમો પહેલા પક્ષનાઓએ અગર સોસાયટી / એસોસિએશને તેવી પરવાનગી / કોન્ટ્રાકટ રીન્યુ કરાવી લેવાનો રહેશે.

સદરહું બિલ્ડીગનું સમારકામ સ્ટ્રકચર ડીઝાઇનર પાસે ચેક કરાવી તેમની સુચના મુજબ કરાવવાનું રહેશે, તેમજ વરસાદના પાણીથી બોરવેલ રી-ચાર્જીગ કરી શકાય તે હેતુ ચોમાસાની શરૂઆત પહેલા રી- ચાર્જીગ સીસ્ટમ સર્વિસ કરાવી લેવાની રહેશે. **॥ ઇડન એરકોન ॥** ના તમામ સભ્યોને લાગુ પડતા વ્યકિતગત તેમજ સામુહિક રીતે હમો તરફથી સુચવેલા, તેમજ સોસાયટી દ્વારા નકકી કરાયેલા અને સરકારે જાહેર કરેલા નિયમો અને વિવિધ પરવાનગીઓમાંની શરતોનું પાલન કરવાનું રહેશે જેનું ઉલ્લંઘન કર્ય જે તે સભ્ય અને સોસાયટી જવાબદાર રહેશે.

સદરહુ ઇમારતમાં ઇલેકટ્રીક લાઇનો, ઇન્ટરનેટ કેબલ, કેબલ કનેકશન તથા ટેલીફોન લાઇનો તેમજ એરકન્ડીશન વિગેરે બાબતે હમો તરફથી સુચવેલ, તેમજ સોસાયટી તરફથી નકકી કરવામાં આવે તેવી જગ્યામાંથી જ પસાર કરી તમોને વેચાણથી આપેલ સદરહુ મિલકત સુધી લાવવા- લઇ જવાના રહેશે.

બંને પક્ષનાઓ વચ્ચેના કોઈપણ વિવાદનુ સુમેળથી નિરાકરણ લાવવાનું રહેશે. જો કોઈ પણ સંજોગોમાં કોઈ વિવાદનું નિરાકરણ સુમેળથી ન લાવી શકાય તો રીયલ એસ્ટેટ એકટ, ૨૦૧૬ અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમોની જોગવાઈઓ હેઠળ તેને સત્તા મંડળને મોકલવાની રહેશે.

આ કરારની કોઇપણ જોગવાઇ રેરા કાયદા અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિમયો હેઠળ લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનુ નકકી કરવામાં આવે તો, આવી જોગવાઇઓ, તે આ કરારના હેતુ સાથે અસંગત હોય એટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઇઓ, આ કરારના અમલ વખતે લાગુ પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

હમો બીજા પક્ષના **॥ ઓમ ઇન્ફ્રા ॥** ના નામની ભાગીદારી પેઢીનું જરૂરી રજીસ્ટ્રેશન કરાવેલ છે અને સદર વેચાણ દસ્તાવેજ કરી આપવા તથા સહી મતુ કરવા, તેમજ કબુલાત આપવા, રજીસ્ટ્રેશન માટે રજુ કરવાની સત્તા/અધિકાર મજકુર **॥ ઓમ ઇન્ફ્રા ॥** ના નામની ભાગીદારી પેઢીના અધિકૃત ભાગીદારો પૈકી કોઇપણ એક ભાગીદારની સહીથી કરવા આપેલ હોય, આ વેચાણ દસ્તાવેજ મજકુર **॥ ઓમ ઇન્ફ્રા ॥** ના નામની ભાગીદારી પેઢી વતી તેના અધિકૃત ભાગીદારો તરીકે **શ્રી રસીકભાઇ મગનભાઇ ભાલાળા** તથા **શ્રી પારસભાઇ ચીમનભાઇ ભાલાળા** પૈકી કોઇપણ એક ભાગીદારની સહીથી કરવા અંગે સત્તા આપવામાં આવેલ છે.

સદરહુ તમોને વેચાણ આપેલ, મિલકત અંગેના વેચાણ દસ્તાવેજ માટે કરવામા આવેલ તમામ ખર્ચ જેમ કે સ્ટેમ્પ પેપર, રજી. ફી, ટાઇપીંગ ફી, વકીલ ફી વિગેરે તમામ ખર્ચાઓ તમો પહેલા પક્ષનાએ કરેલ છે. તેમજ ભવિષ્યમાં વધારાની સ્ટેમ્પ ડ્યુટી ભરવાની નીકળી આવે તો તે તમો પહેલા પક્ષનાએ ભરપાઇ કરવાની રહેશે સહી.

-:: પરિશિષ્ટ-૧ ::-

-: પ્રોજેક્ટ/પરિયોજના વાળી જમીનની વિગત :-

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ પુણા તાલુકાના, **મોજે ગામ : સરથાણા**નાં રેવન્યુ સર્વે નંબર : ૮૦, ૮૦/૧ તથા ૮૧/3, **બ્લોક નંબર : ૭૯/અ** વાળી જમીન કે જેનુ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ **કુલ્લે ક્ષેત્રફળ હે.આરે ૧-૯૫-૦૭ ચો.મી.** કે જેને ટાઉન પ્લાનીંગ સ્કીમ લાગુ પડતાં **ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા) નાં ફાયનલ પ્લોટ નંબર : ૬૩** ફાળવવામાં આવેલ, જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૧,૭૦૪ ચો.મી. છે તે કુલ્લે જમીનના મંજુર થયેલ સબ પ્લોટ અંગેના પ્લાન મુજબ સબ પ્લોટો નંબર : ૧, ૨ તથા 3 પૈકી સબ-પ્લોટ નંબર : ૧ થી નોંધાયેલ જમીન કે જેનુ ક્ષેત્રફળ ૨૭૩૯.૧3 ચો.મી. છે તે બીનખેતી થયેલ જમીન ઉપર આયોજીત **॥ ઇડન એરકોન ॥** ના નામથી રહેણાંક હેતુ માટેની હાઇ-રાઇઝ બિલ્ડીંગો.

-:: પરિશિષ્ટ-૨ ::-

-: વેચાણ કરેલ મિલકતની વિગત :-

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ પુણા તાલુકાના, **મોજે ગામ : સરથાણા**નાં રેવન્યુ સર્વે નંબર : ૮૦, ૮૦/૧ તથા ૮૧/3 કે જેનો **બ્લોક નંબર : ૭૯/અ** વાળી જમીન કે જેનુ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ **કુલ્લે ક્ષેત્રફળ હે.આરે ૧-૯૫-૦૭ ચો.મી.** કે જેને ટાઉન

પ્લાનીગ સ્કીમ લાગુ પડતાં **ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા) નાં ફાયનલ પ્લોટ નંબર : ૬૩** ફાળવવામાં આવેલ, જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૧,૭૦૪ ચો.મી. છે તે પૈકી **સબ-પ્લોટ નંબર : ૧** કે જેનું ક્ષેત્રફળ ૨૭૩૯.૧૩ ચો.મી. છે તે બીનખેતી થયેલ જમીન મિલકતમાં મંજુર થયેલ પ્લાન મુજબ આયોજીત **॥ ઇડન એરકોન ॥** ના નામથી રહેણાંક હેતુ માટેની હાઇ-રાઇઝ બિલ્ડીગો પૈકી **બિલ્ડીગ નંબર : ॥ ॥** માં .... **માળ** ઉપર આવેલ **ફ્લેટ નંબર :** .... વાળી મીલકત કે જેનું **કારપેટ એરીયાનુ** ક્ષેત્રફળ .... **ચો.મી**, જેમાં વોશ એરીયા------ ચો.મી. તથા બાલ્કની એરીયા ---------- ચો.મી., નો સમાવેશ થાય છે. અને તેનો કુલ્લે બીલ્ટ અપ એરીયાનુ ક્ષેત્રફળ સુમારે .... **ચો.મી.** છે તે મિલકત તથા ફાયનલ પ્લોટના ક્ષેત્રફળ મુજબ બિનખેતી થયેલ જમીનમાં આવેલ કોમન રોડ રસ્તા સીઓપી, ખુલ્લી જમીન તથા પાર્કીંગના સહિયારા રાસુકા હકકો સહીત તેમજ ઇમારત તળેની જમીનમાં ભાગે આવતા પ્રમાણસરના વણ- વહેંચાયેલા હિસ્સાની ---------ચો.મી. જમીન સહીતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદર-બહારના તમામ હકકો સહીતની મીલકત દરોબસ્ત.

॥ ઇડન એરકોન ॥ ની બિલ્ડીગ નંબર : ॥ ॥ ની ચતુરસીમા નીચે મુજબ છે.

પૂર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજના લેખમાં હમો બીજા પક્ષનાએ, હમારી રાજીખુશીથી અને સ્વૈચ્છાએ તન-મનની સંપૂર્ણ સ્વસ્થ હાલતમાં વાંચી, વંચાવી, સાંભળી, સમજી, વિચારી, કોઇના કોઇપણ પ્રકારના દાબ - દબાણ કે ધાક - ધમકીમાં આવ્યા વગર કરી આપેલ છે. જે હમોને તથા હમારા વંશવાલી વારસો તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે.......................................મતુ, તત્રે.......................................શાખ.

....

॥ ઓમ ઇન્ફ્રા ॥ નામની ભાગીદારી પેઢી
ના વતિ અને તરફે તેના વહીવટકર્તા ભાગીદાર
શ્રી ....

(સાક્ષીઓની સહી)

<u>મિલકતનો ફોટો :</u>

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ પુણા તાલુકાના, **મોજે ગામ : સરથાણા**નાં રેવન્યુ સર્વે નંબર : ૮૦, ૮૦/૧ તથા ૮૧/૩ કે જેનો **બ્લોક નંબર : ૭૯/અ** કે જેને ટાઉન પ્લાનીગ સ્કીમ લાગુ પડતાં **ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા) નાં ફાયનલ પ્લોટ નંબર : ૬૩** જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૧,૭૦૪ ચો.મી. છે તે પૈકી સબ-પ્લોટ નંબર : ૦૧ વાળી બીનખેતી થયેલ જમીન મિલકતમાં મંજુર થયેલ પ્લાન મુજબ આયોજીત **II ઇડન એરકોન II** ના નામથી રહેણાંક હેતુ માટેની હાઇ-રાઇઝ બિલ્ડીગો પૈકી **બિલ્ડીગ નંબર : II II** માં .... **માળ** ઉપર આવેલ **ફ્લેટ નંબર :** .... વાળી મીલકત.

<u>વેચાણ આપનારા :</u> **<u>વેચાણ રાખનાર :</u>**

....

II ઓમ ઇન્ફ્રા II નામની ભાગીદારી પેઢી
ના વતિ અને તરફે તેના વહીવટકર્તા ભાગીદાર
શ્રી

મિલકતનો ફોટો :

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ પુણા તાલુકાના, **મોજે ગામ : સરથાણા**નાં રેવન્યુ સર્વે નંબર : ૮૦, ૮૦/૧ તથા ૮૧/૩ કે જેનો **બ્લોક નંબર : ૭૯/અ** કે જેને ટાઉન પ્લાનીગ સ્કીમ લાગુ પડતાં **ટી.પી. સ્કીમ નંબર : ૮૫ (સરથાણા-પાસોદરા-લસકાણા) નાં ફાયનલ પ્લોટ નંબર : ૬૩** જે ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૧૧,૭૦૪ ચો.મી. છે તે પૈકી સબ-પ્લોટ નંબર : ૦૧ વાળી બીનખેતી થયેલ જમીન મિલકતમાં મંજુર થયેલ પ્લાન મુજબ આયોજીત **॥ ઇડન એરકોન ॥** ના નામથી રહેણાંક હેતુ માટેની હાઇ-રાઇઝ બિલ્ડીગો પૈકી **બિલ્ડીગ નંબર : ॥ ॥** માં .... **માળ** ઉપર આવેલ **ફ્લેટ નંબર :** .... વાળી મીલકત.

વેચાણ આપનારા : **વેચાણ રાખનાર :**

....

॥ ઓમ ઇન્ફ્રા ॥ નામની ભાગીદારી પેઢી
ના વતિ અને તરફે તેના વહીવટકર્તા ભાગીદાર
શ્રી

નોંધણી અધિનિયમની કલમ ૩૨-એ મુજબ ફરજીયાત ફોટા તથા અંગુઠાની શાખ લગાવી દસ્તાવેજ સાથે રજુ કરવાની યાદી.

<u>વેચાણ આપનારા :</u>

॥ ઓમ ઇન્ફ્રા ॥ નામની ભાગીદારી પેઢી

ના વતિ અને તરફે તેના વહીવટકર્તા ભાગીદાર

શ્રી

સહી...

<u>વેચાણ રાખનાર :</u>

શ્રી

સહી...

મોજે ગામ : સરથાણા, રેવન્યુ સર્વે નંબર : ૮૦, ૮૦/૧, ૮૧/૩, **બ્લોક નંબર : ૭૯/અ,** ટી.પી. સ્કીમ નંબર : ૮૫, ફાયનલ પ્લોટ નંબર : ૬૩, સબ પ્લોટ નંબર : ૦૧, **॥ ઇડન એરકોન ॥ ફ્લેટ નંબર :**